# રાષ્ટ્રીય સ્તરની કોસ્ટલ સાયક્લોથોન સોમનાથ આવી પહોંચી: ઉષ્માસભર સ્વાગત

### સોમનાથ દાદાને શીશ ઝૂકાવતા કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળના સાઈકલિસ્ટ્સ




મિતેશ પરમાર, વેરાવળ,

"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની સ્મૃતિમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ દ્વારા આયોજીત રાષ્ટ્રીય સ્તરની કોસ્ટલ સાયક્લોથોનના સાઈકલિસ્ટ્સ આજે સવારે સોમનાથ ખાતે આવી પહોંચ્યા હતાં. રાષ્ટ્રીય સુરક્ષા અને જનજાગૃતિનો સંદેશ લઈ ગીર સોમનાથ પહોંચેલા તમામ સાઈકલિસ્ટ્સોએ પ્રથમ જ્યોતિર્લિંગના દર્શન કર્યા હતાં. માધવપુર બીચ થઈને ગીર સોમનાથ જિલ્લામાં પ્રવેશ કરતાં જ ડારી ટોલનાકા પાસે એન.જે.સોનેચા મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ખાતે સાઈકલ રેલીના તમામ સાઈકલિસ્ટ્સનું વિદ્યાર્થીનીઓએ કુમકુમ-તિલકથી ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. અહીં ટૂંકાગાળાના રોકાણ બાદ સાઈકલ રેલી સોમનાથ પહોંચી હતી. સી.આઈ.એસ.એફ. આસિસ્ટન્ટ કમાન્ડર પ્રવિણકુમારે જણાવ્યું હતું કે, 'વંદે માતરમ કોસ્ટલ સાઈક્લોથોન'ની થીમ સાથે યોજાયેલી આ રેલી અત્યારે સોમનાથ પહોંચી છે. "વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની સ્મૃતિમાં રાષ્ટ્રીય સ્તરની કોસ્ટલ સાયક્લોથોન યોજાઈ રહી છે. લખપત થી કેરળ સુધી ૬૬૦૦ કિ.મીનું અંતર કાપી અને ૨૫ દિવસમાં સાઈક્લોથોન પૂર્ણ થશે.

વિવિધ પડાવો દરમિયાન સ્થાનિક નાગરિકો અને માછીમાર સમુદાય સાથે વાતચીત તેમજ નાગરિકો સાથે સંવાદ સાધવામાં આવી રહ્યો છે. દરિયાકાંઠો એ ભારતના વિકાસમાં પણ ખૂબ જ મહત્વ ધરાવે છે. 'સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત' અંતર્ગત સમુદ્રતટની સુરક્ષા એ આપણા સૌની સહિયારી જવાબદારી છે એમ જણાવી તેમણે કોઈપણ શંકાસ્પદ વસ્તુઓ અથવા તો ગતિવિધિ જણાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અપીલ કરી હતી. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સાઈકલિસ્ટ્સોને પ્રથમ જ્યોતિર્લિંગના દર્શન સાથે જ મહેશ્વરી અતિથિ ભવનમાં ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સોમનાથ ખાતે દર્શન અને ભોજનપ્રસાદ ગ્રહણ કરી અને દિવ તરફ પ્રસ્થાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ લખપત કિલ્લા (ભુજ) થી પ્રસ્થાન થયેલી આ રેલી ૬,૬૦૦ કિલોમીટરનું અંતર કાપી નવ દરિયાકાંઠાના રાજ્યોમાંથી પસાર થઈને ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોચી (કેરળ) ખાતે આ સાયકલ રેલી પૂર્ણ થશે.



# અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સહિત ૩ ભાઈઓ સામે ૩ કરોડની છેતરપિંડીની વડોદરામાં ફરિયાદ! ૩૧મી ડિસેમ્બરે દીકરો સ્યુસાઈડ નોટ લખી ગુમ થયો' તો

### તમને અને તમારા પરિવારને જોઈ લઈશું, તમે પોલીસ ફરિયાદ કરી છે: ફરિયાદીને ધમકાવ્યા

અમરેલી/વડોદરા

અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા તેમના ત્રણ સગા ભાઈઓ તથા પુત્ર સામે વડોદરા શહેરના દર્શિતભાઈએ ૩ કરોડની છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેને પગલે ભાજપ વર્તુળમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. હરણી પોલીસે પાંચ આરોપીની શોધખોળ શરૂ કરી છે

શહેરના અમિત નગર સર્કલ પાસે આવેલ મંગલ પાર્ક સોસાયટીમાં રહેતા દર્શિતભાઈ કમલેશભાઈ શાહ (ઉંમર ૪૨ વર્ષ)એ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં સુરેશભાઈએ હરણી સમા લિંક રોડ પર આવેલા 'શ્રી સિદ્ધેશ્વર પેરેડાઈઝ' અને 'શ્રી સિદ્ધેશ્વર પ્રાઈમ પ્લસ' પ્રોજેક્ટમાં રોકાણ કરવાની લાલચ આપી હતી. તેમણે ૧.૫ ટકા માસિક વળતરની શરૂઆતમાં અને પછી ૨ ટકા વળતરની ખાતરી આપી હતી તેમજ પ્રોપર્ટીની સિક્યોરિટી

આપવાનું કહ્યું હતું. આ વિશ્વાસ પર દર્શિતભાઈ અને તેમના પિતા કમલેશભાઈ શાહે કુલ ૩ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

આ રકમના બદલામાં દર્શિતભાઈ અને તેમના પિતાના નામે કુલ ૬ મિલ્કતો (ફ્લેટ અને દુકાનો)ના રજિસ્ટર્ડ બાનાખત કરાવ્યા હતા. શરૂઆતમાં ફેબ્રુઆરી ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધી માસિક ૧.૫%થી ૨% વળતર રોકડ/બેન્ક દ્વારા ચૂકવવામાં આવ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૫થી વળતર બંધ થઈ ગયું. દર્શિતભાઈએ વારંવાર પૂછપરછ કરતાં રિયલ એસ્ટેટમાં તકલીફનું બહાનું કાઢ્યું હતું અને રૂપિયા પરત ચૂકવણીનો ભરોસો આપ્યો હતો પરંતુ, કોઈ રકમ મળી નહી. દર્શિતભાઈના પિતાને લીવર કેન્સરની બીમારી થતાં સારવાર માટે રકમની જરૂર પડી હતી તો પણ રૂપિયા પરત કર્યા ન હતા.

આ દરમિયાન આરોપીઓએ આપેલા ચેકો બેન્કમાં બાઉન્સ થયા હતા. સપ્ટેમ્બર, ૨૦૨૫માં ઓફિસમાં મળવા બોલાવી અસભ્ય વર્તન કરીને ધમકીઓ આપવામાં આવી કે, તમને અને તમારા પરિવારને જોઈ લઈશું, તમે પોલીસ ફરિયાદ કરી છે, હવે રૂપિયા મળવાના નથી. થાય એ કરી લો આ દરમિયાન પ્રોજેક્ટમાં બાંધકામ અધૂરું છે અને બાનાખતવાળી મિલ્કતો પર બેંક લોન લેવાઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આરોપીઓમાં સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા, મનિષભાઈ ભાદાભાઈ પાનસુરીયા, પ્રવીણભાઈ ભાદાભાઈ પાનસુરીયા, કિશોરભાઈ ભાદાભાઈ પાનસુરીયા અને રવિભાઈ સુરેશભાઈ પાનસુરીયા (પુત્ર)નો સમાવેશ થાય છે. હરણી પોલીસે આ ફરિયાદની તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ અમરેલીમાં ભાજપના ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરિયાના પુત્ર રવિ પાનસુરિયા વ્યાજખોરના ત્રાસથી લાપતા થયો હતો. સુરેશ પાનસુરિયાનો પુત્ર ૩૧મી ડિસેમ્બરે સ્યુસાઈડ નોટ લખીને ગુમ થયો હતો. પોલીસે તેની શોધખોળ માટે તપાસ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન આ કેસમાં જેની સામે આક્ષેપ થયા હતા, એ દિક્ષિત પટેલ વડોદરામાં પ્રેસ કોન્ફરન્સ યોજીને રવિ અને તેના પિતા સુરેશ પાનસુરીયા સામે આક્ષેપો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, દિક્ષિત પટેલ ગોધરાના બહુચર્ચિત NEET કાંડમાં પણ આરોપી છે અને હાલ જામીન પર મુક્ત છે.ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરિયાનો પુત્ર રવિ પાનસુરિયા વ્યાજખોરોના ત્રાસથી ગુમ થયો હોવાની પોલીસમાં અરજી થઈ હતી. ૩૧મી ડિસેમ્બરે રાત્રે સ્યુસાઈડ નોટ લખીને રવિ ગુમ થયો હતો. રવિએ ગોધરા નીટ કાંડના દિક્ષિત પટેલ સહિત ૧૬ લોકો પાસેથી ૧૧.૨૫ કરોડ રૂપિયા વ્યાજે લીધા હતાં. ૪.૯૦ કરોડની મિલકત અને ૩.૩૮ કરોડ રૂપિયા RTGSથી તેણે ચૂકવ્યા હતાં. વ્યાજખોરોએ માત્ર ૨.૯૭ કરોડની સામે ૧૫ કરોડની ઉઘરાણી કરી હતી.

વ્યાજખોરો દ્વારા થતી પઠાણી ઉઘરાણીનો વીડિયો વાયરલ થયો હતો. ૩૧મી ડિસેમ્બરની રાત્રે રવિ ઘરેથી નીકળ્યો તે સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. ગુમ થયેલા રવિ પાનસુરિયાની પોલીસે શોધખોળ હાથ ધરી હતી. ગોધરા નીટ કાંડના દીક્ષિત પટેલ સહિતના ૧૬ જેટલા વ્યાજખોરોના ત્રાસથી રવિ પાનસુરીયા ગુમ થયો હોવાનો આરોપ લગાવાયો હતો.

# રાજકોટ સિવિલમાં અજાણયા- બીનવારસુ દર્દીઓ માટે હેલ્પ ડેસ્ક આર્શીવાદ સમાન બન્યું

### ગોંડલના કેન્સરગ્રસ્ત મહિલાની યોગ્ય સારવાર બાદ સુરેન્દ્રનગર આશ્રમમાં મોકલાયા

રાજકોટ,

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અજાણયા અને બીનવારસુ દર્દીઓ માટે હેલ્પ ડેસ્કની ટીમ આર્શીવાદ સમાન બની રહી છે. ત્યારે આવા જ એક વધુ બનાવમાં ગોંડલના કેન્સર ગ્રસ્ત મહિલા સારવારમાં આવતા તબીબો દ્વારા તેમની યોગ્ય સારવાર કરી સ્વસ્થ કર્યા બાદ તેમને ડીસ્ચાર્જ કરાતા પરિવારજનોએ કોઇ જવાબદારી ન લેતા હેલ્પ ડેસ્કની ટીમ દ્વારા મહિલાની વ્હારે આવે તેમને પુનઃવસન માટે યોગ્ય વ્યવસ્થા કરી સુરેન્દ્રનગર આશ્રમમાં આશ્રરો અપાવી સરાહનીય કામગીરી કરી હતી.

ગોંડલમાં રહેતા કૌશરબાનું ઈબ્રાહીમભાઈ છેલ્લા ઘણા વર્ષોથી કેન્સરની ગંભીર બીમારીથી પીડિત હતા. અગાઉ



તેમનું સફળ ઓપરેશન પણ થઈ ચૂક્યું હતું, પરંતુ સમય જતાં ફરી ગભરામણ, કમજોરી અને અન્ય તકલીફો શરૂ થતા તેમની તબિયત બગડવા લાગી હતી. પરિસ્થિતિ ગંભીર બનતા તેમને ગોંડલ સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. દર્દીના ઘરે પરિવાર હોવા છતાં તેમની યોગ્ય દેખભાળ થતી ન હતી, જેના કારણે તેઓ માનસિક અને શારીરિક રીતે વધુ નબળા બની ગયા હતા. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તેમને મેડિસિન વોર્ડમાં દાખલ કરાતા તબીબોની ટીમે સંપૂર્ણ સમર્પણ અને સંવેદનશીલતા સાથે દર્દીની સારવાર કરી, દવાઓ, તપાસો અને કાઉન્સેલિંગ દ્વારા તેમની તબિયત ધીમે ધીમે સુધારવામાં આવી. લાંબા સમયની સારવાર અને કાળજી બાદ કૌશરબાનું સંપૂર્ણપણે સ્વસ્થ થતા તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવાની મંજૂરી આપી. જોકે, પરિવાર તરફથી કોઈ જવાબદારી લેવામાં ન આવતા તેમના ભવિષ્ય અંગે પ્રશ્ન ઊભો થયો હતો. આ સમયે રાજકોટ સિવિલ હોસ્પિટલની હેલ્પ ડેસ્ક ટીમે મહત્વની ભૂમિકા ભજવી. દર્દીના પુનર્વસન માટે આશ્રયની વ્યવસ્થા કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા. અંતે તેમને આશ્રય માટે સુરેન્દ્રનગર સ્થિત નિરાંત ઘર આશ્રમમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સમગ્ર વ્યવસ્થામાં રાજકોટ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. મોનાલીબેન માકડિયા, આર.એમ.ઓ. તથા હેલ્પ ડેસ્કના નોડલ ઓફિસર ડો. હર્ષદ દૂસરા, તેમજ એચ.આર. મેનેજર ભાવનાબેન સોનીના માર્ગદર્શન હેઠળ હેલ્પ ડેસ્ક ટીમ કાર્યરત છે અને ડોક્ટરો તથા સિવિલ હોસ્પિટલના બધા વર્ગોના કર્મચારીઓના સહયોગથી સમગ્ર પ્રક્રિયા સફળ બની. સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ દ્વારા દર્દીને સુરક્ષિત રીતે આશ્રમ સુધી પહોંચાડવામાં આવ્યા.

# રાજકોટ સિવિલમાં બે વર્ષની બાળકીના લીવરમાં અસામાન્ય હાઈડેટીડ સિસ્ટની ત્રણ ગાંઠની સફળ સર્જરી

### બાળકીને બ્લડ ટ્રાન્સફ્યુઝનથી પ્રી-ઓપ સ્ટેબિલાઇઝ કરાયા બાદ જટિલ લેપ્રોસ્કોપી સર્જરી : બાળકી સંપૂર્ણ સ્વસ્થ

રાજકોટ,

માત્ર બે વર્ષની માસુમ બાળકી નંદુને યકૃતમાં અસામાન્ય બીમારી ધ્યાનમાં આવી, પરંતુ રાજકોટની જનાના સિવિલ હોસ્પિટલ ખાતે સંકલિત, આયોજનબદ્ધ અને સમર્પિત સારવારને કારણે હાલ બાળકી સંપૂર્ણ સ્વસ્થ છે. તબીબી સારવારની ઉત્કૃષ્ટ સેવા થકી બાળકી અને તેમના પરિવારજનોમાં નવી આશા અને ઉમંગનો જન્મ થયો છે.

વાંકાનેરના પંચાસરા ગામના સારસિંહ વાસ્કેલની બાળકી નંદુના જીવનમાં પ્રારંભે જ ખુબ કઠિન સમય આવ્યો હતો. જે ઉંમરમાં બાળકો નિર્ભય બની રમકડાં સાથે રમતા હોય, એ ઉંમરમાં નંદુ સતત તાવ, પેટમાં દુખાવો અને ધીમે ધીમે વધતા જતા પેટના ફૂલાવાથી પીડાતી હતી. નંદુની પરિસ્થિતિ વધુ ગંભીર બનતા તેને ગત તા. ૨૭-૦૧-૨૦૨૬ના રોજ જનાના હોસ્પિટલ, રાજકોટના ઝેમાં દાખલ કરવામાં આવી હતી. પીડિયાટ્રિક વિભાગના તજજ્ઞ તબીબોની તપાસ દરમિયાન બાળકીનું યકૃત વધેલું હોવાનું જણાયું. ત્યારબાદ જનાના હોસ્પિટલમાં ઉપલબ્ધ આધુનિક નિદાન સુવિધાઓ દ્વારા કરાયેલા યુ.એસ.જી. અને સીટી સ્કેનમાં નંદુના યકૃતમાં ત્રણ હાઈડેટિડ સિસ્ટ (ગાંઠ) હોવાનું નિદાન થયું. આ દુર્લભ અને ગંભીર સ્થિતિએ આખી ટીમ માટે મોટો પડકાર ઊભો કર્યો, પરંતુ સાથે જનાના



હોસ્પિટલની કાર્યક્ષમતાને સાબિત કરવાની તક પણ આપી.

બાળકીના ઓપરેશન પહેલાં બાળકની સ્થિતિ સંપૂર્ણ રીતે સ્થિર કરવી અત્યંત જરૂરી હતી. પીઆઈસીયુ તબીબી ટીમ દ્વારા બ્લડ ટ્રાન્સફ્યુઝન કરીને નંદુને પ્રી-ઓપ સ્ટેબિલાઈઝ કરવામાં આવી. દરેક નિર્ણય અતિ કાળજીપૂર્વક લેવામાં આવ્યો, કારણ કે અહીં વાત માત્ર એક સર્જરીની નહીં, પરંતુ એક નાની જિંદગીની હતી.

ત્યારબાદ ગત તા. ૨૯-૦૧-૨૦૨૬ના રોજ નંદુની લેપ્રોસ્કોપીક સર્જરી કરવાનો નિર્ણય લેવાયો. પીડિયાટ્રિક દર્દીમાં લેપ્રોસ્કોપી કરવી અત્યંત પડકારજનક હોવાનું ડો. પંકજ બુચ જણાવે છે. જેનું કારણ નાનું પેટ, ઓછી જગ્યા અને ઊંચું જોખમ રહેલું હોઈ છે. તેમ છતાં પણ આ જટિલ ઓપરેશન ડો. જયદીપ ગણાત્રા દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું.

ડો. જયદીપ જણાવે છે કે, ઓપરેશન દરમિયાન લિવરના પાછળના ભાગમાં આવેલા સિસ્ટને ઓળખવું અમારા માટે એક મોટો પડકાર હતો. આ સમયે જનાના હોસ્પિટલના રેડિયોલોજી વિભાગે ઓન-ટેબલ લોકલાઈઝેશન અને તાત્કાલિક મૂલ્યાંકન દ્વારા મહત્વપૂર્ણ સહાય પૂરી પાડી.

ઓપરેશન દરમિયાન એનેસ્થેશિયા ટીમના ડો. જીગીશા, ડો. ખ્યાતિ અને તેમની ટીમ, ઓ.ટી. ટેકનીશીયન પૂજાબેન વાડોલિયા, ઓ.ટી. ના ઈન્ચાર્જ સિસ્ટર દયાબેન ગજેરા, સ્ક્રબ સિસ્ટર રિતિકા રાઠોડ, ભાર્ગવ માંઢક અને અલ્પેશ હેરભા, ક્લાસ-૪ સ્ટાફ દક્ષાબેન રોજાસરા અને ઝાહિદાબેન મજબૂલએ સહયોગી જવાબદારી નિભાવી હોવાનું ડો. જયદીપ જણાવે છે.

સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ અને બાળકી નંદુને માં ખસેડવામાં આવી. વોર્ડમાં ઈન-ચાર્જ સિસ્ટર ભાનુમતી તાડા અને તેમની ટીમે માતાની જેમ નંદુની સંભાળ રાખી. પ્રી-ઓપથી લઈને પોસ્ટ-ઓપ સુધી ડો. પંકજ બુચ અને તેમની પીડિયાટ્રિક ટીમે સતત દેખરેખ રાખી રહી હતી.

હાલ નંદુ સંપૂર્ણપણે સલામત છે. તેના ચહેરા પર ફરીથી નિર્દોષ શાંતિ જોવા મળે છે. આ સર્જરી-સારવાર માત્ર એક બાળકના સ્વસ્થ થવાની સફર નથી, પરંતુ પીયુડી જનાના હોસ્પિટલ, રાજકોટની કુશળતા, સંકલન, માનવતા અને નિષ્ઠાની જીત હોવાનું સિવિલ અધિક્ષક ડો, મોનાલી માંકડીયાએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા જણાવ્યું છે.

આમ, અતિ જટિલ ઓપરેશન થકી રાજકોટની જનાના હોસ્પિટલે ફરી એકવાર આરોગ્ય ક્ષેત્રે સિદ્ધિ હાંસિલ કરી છે.

- રાજકુમાર

# કાગધામ મજાદર ખાતે કાગ એવોર્ડ રજત મહોત્સવ: ૨૫ વિદ્વાનોને સન્માનિત કરાશે, મોરારિબાપુ ઉપસ્થિત રહેશે

રાજુલા:

રાજુલા તાલુકાના મજાદર કાગધામ ખાતે ૨૧ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કાગ એવોર્ડના રજત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થશે. આ દિવસે કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ છે. પૂ. મોરારિબાપુની નિશ્રામાં કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને રાજસ્થાનના ૨૫જેટલા વિદ્વાનોને કાગ એવોર્ડ અર્પણ કરવામાં આવશે.

આ પ્રસંગે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન 'કાગના ફળિયે કાગની વાતો' અંતર્ગત પરિસંવાદ યોજાશે, જેમાં મુખ્ય વક્તા રમજાન હાસણીયા પોતાના વિચારો રજૂ કરશે. કાગ એવોર્ડના સંયોજક ડો. બળવંતભાઈ જાની દ્વારા આ એવોર્ડની જાહેરાત



કરવામાં આવી હતી. આ એવોર્ડ ચારણી સાહિત્યકારો, સ્ટેજ સંચાલકો, સંશોધકો, વિદ્વાનો તેમજ દિવંગત વિદ્વાનો સહિત વિવિધ ક્ષેત્રના શબ્દસાધકો અને કલાકારોને અપાશે.

કાગ એવોર્ડ ભક્ત કવિ દુલા ભાયા કાગની પુણ્યતિથિ નિમિત્તે તેમની યાદમાં આપવામાં આવે છે. કાગબાપુને લોકો ભગતબાપુ તરીકે પણ ઓળખતા હતા. તેમનો જન્મ ૨૫નવેમ્બર, ૧૯૦૩ના રોજ થયો હતો. તેમણે પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો, પરંતુ તેઓ ઉત્તમ વાચક અને ચારણી સાહિત્યના અભ્યાસુ હતા. તેમની રચનાઓ 'કાગવાણી' પુસ્તકમાં સંગ્રહિત છે.તેઓ ભાવનગર ચારણ બોર્ડિંગના પ્રેરણાસ્ત્રોત હતા. તેમણે વિનોબા ભાવેના ભૂદાન યજ્ઞમાં જમીનનું દાન કર્યું હતું અને ચારણ હિતવર્ધક સભાના પ્રમુખ પણ હતા. ભાવનગર રાજવી પરિવાર તેમજ કાઠિયાવાડ-બાબરિયાવાડના કાઠી ગિરાસદારો અને રાજ પરગણા સાથે તેમને પારિવારિક સંબંધો હતા. ભારત સરકાર દ્વારા તેમને ૧૯૬૨માં પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. તેમનું અવસાન ૨૨ફેબ્રુઆરી, ૧૯૭૭ના રોજ થયું હતું.

# અમરેલીમાં ખુલ્લા પ્લોટમાં કેબલના ડ્રમમાં આગ

### ફાયર વિભાગે સમયસર કાબુ મેળવતાં મોટી દુર્ઘટના ટાળી

અમરેલી:

અમરેલી શહેરમાં વહેલી સવારે હનુમાનપરા રોડ પર આવેલા એક ખુલ્લા પ્લોટમાં લાઈટ કેબલના અંદાજે ૩૩ ડ્રમમાં આગ લાગી હતી. આ ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.ફાયર કંટ્રોલ રૂમને ટેલિફોનિક જાણ કરાયા બાદ, ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ ફાયર વાહન સાથે દોડી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ટીમે વિલંબ કર્યા વિના પાણી અને ફોમનો સતત મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.આગ લાગેલા ખુલ્લા પ્લોટની આસપાસ રહેણાંક મકાનો આવેલા હોવાથી આગ વધુ



ફેલાય તો મોટી જાનમાલની નુકસાની થવાની શક્યતા હતી. જોકે, ફાયર વિભાગની સમયસૂચકતા, કુશળતા અને સતર્ક કામગીરીને કારણે આગને બાજુના મકાનો સુધી પહોંચતી અટકાવવામાં આવી અને એક મોટી દુર્ઘટના ટળી હતી.આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા નોંધાઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી અને તે અંગે તપાસ ચાલી રહી છે.

# રાજકોટ જિલ્લા પંચાયતના પ્રતિનિધિઓએ સિક્કિમમાં વિકાસ મોડલ્સનો અભ્યાસ કર્યો

### જિલ્લાના ગામડાઓમાં લોકકેન્દ્રિત, ટકાઉ -સર્વાંગી વિકાસને નવી દિશા મળશે

રાજકોટ,

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત પંચાયતી રાજ મંત્રાલય, ગુજરાત સરકારના પંચાયત વિભાગ તથા વિકાસ કમિશનરની કચેરી, ગાંધીનગર અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા (ગુજરાત) દ્વારા રાજ્યના ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓ માટે વિશેષ પ્રેરણા પ્રવાસ-તાલીમ કમ એક્સપોઝર વિઝિટનું



સિક્કિમ રાજ્યમાં સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવાસ રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, ગુજરાત તથા સિક્કિમના વિશેષ નિયામક ઓના માર્ગદર્શન હેઠળ તેમજ રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા ગુજરાતના પ્રોફેસર નીલાબેન એન.પટેલ અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સિક્કિમના પ્રોફેસર ચંદ્રા બી. માંગરના સક્રિય સંકલન અને આયોજનથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

પ્રવાસ દરમિયાન સિક્કિમના ગ્યાલશિંગ જિલ્લાના જિલ્લા પંચાયત ઉપરાંત રાવંગલા જેવી અગ્રણી અને પ્રેરણાદાયી ગ્રામ પંચાયતોની મુલાકાત લેવામાં આવી. અહીં ગરીબી નિવારણ, બાળકોના અધિકાર અને કલ્યાણ, સર્વગ્રાહી આરોગ્ય સેવાઓ, સંપૂર્ણ સ્વચ્છતા, સલામત પીવાનું પાણી, પોષણ, રોગ નિવારણ અને જનજાગૃતિ જેવા વિષયોમાં અમલમાં મૂકાયેલા શ્રેષ્ઠ મોડલ્સની નજીકથી સમજ મેળવી.

આ મુલાકાતો દ્વારા ગુજરાતના પંચાયત પ્રતિનિધિઓએ સિક્કિમમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સના નવ મુખ્ય થીમ્સ હેઠળ અમલમાં મૂકાયેલા વિકાસ મોડલ્સનો અભ્યાસ કર્યો. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનું અસરકારક અમલીકરણ, પ્લાસ્ટિક ફ્રી અને સ્વચ્છ ગામો, ઑન-સોર્સ રેવન્યુ તથા સીએસઆર ફંડનો ઉપયોગ, ડિજિટલાઈઝેશન દ્વારા પારદર્શક સેવાઓ, ગામની સુંદરતા વધારવાના પ્રયાસો તથા લોકસહભાગિતાથી ગ્રામ સ્વરાજની સ્થાપનાનો સમાવેશ થાય છે.આ પ્રેરણાદાયી પ્રવાસ દરમિયાન પ્રાપ્ત થયેલા અનુભવ અને વિચારો રાજકોટ જિલ્લાના ગામડાઓમાં લોકકેન્દ્રિત, ટકાઉ અને સર્વાંગી વિકાસને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરતાં અંતમાં પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું.

# કોટક ફ્લેક્સીકેપ ફંડે લાંબા ગાળે સંપત્તિ સર્જનમાં તેની સફરના ૧૫ વર્ષ પૂરા કર્યા

### શરૂઆતથી ૧૬.૫૯ ટકા સીએજીઆર નોંધાવ્યા, જે બજાર ચક્રમાં મજબૂત અને સુસંગત કામગીરી દર્શાવે છે

મુંબઈ,

કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ એ કોટક ફ્લેક્સીકેપ ફંડ ના ૧૫ વર્ષ પૂરા કર્યાના સીમાચિહ્નની જાહેરાત કરી છે. આ સ્કીમે શરૂઆતથી જ ૧૬.૫૯ ટકાનો સીએજીઆર નોંધાવ્યો છેફ અને વિવિધ બજાર વાતાવરણમાં મજબૂત લાંબા ગાળાના પર્ફોર્મન્સનો રેકોર્ડ બનાવ્યો છે. કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહે જણાવ્યું હતું કે, "કોટક ફ્લેક્સીકેપ ફંડ ૧૫ વર્ષ પૂરા કરે છે તે અમારા માટે અને ફંડ પ્રત્યે પ્રતિબદ્ધ રહેલા રોકાણકારો માટે ગર્વની ક્ષણ છે. એક કેટેગરી તરીકે ફ્લેક્સીકેપ મહત્વપૂર્ણ છે કારણ કે તેના દ્વારા રોકાણકારો ભારતના વિકાસમાં ભાગ લઈ શકે છે અને માર્કેટ કેપિટલાઈઝેશનમાં ફાળવણીના નિર્ણયો અનુભવી રોકાણ ટીમ પર છોડી દે છે." ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, કોટક ફ્લેક્સીકેપ ફંડ ડાયરેક્ટ પ્લાન – ગ્રોથ ઓપ્શને ૧૦ વર્ષમાં ૧૫.૭૦ ટકા સીએજીઆર અને ૫ વર્ષમાં ૧૬.૮૭ સીએજીઆર નોંધાવ્યો છે. આ ફંડનું સંચાલન કોટક મહિન્દ્રા એએમસીના સીઆઈઓ હર્ષ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવે છે, જેમની ફિલોસોફી ટકાઉ કમાણી, મજબૂત શાસન અને મૂડી કાર્યક્ષમતામાં રહેલી છે.